તંત્રની આવી નબળી કામગીરી સામે ઉઠ્યા સવાલો

વાઘોડિયા રોડ પર પાલિકાની ડ્રેનેજ સફાઈની ગાડી ખાડામાં ધસી

નવી નાખવામાં આવેલી ગટરલાઈન અને રસ્તાની નબળી ગુણવત્તા નિર્દોષોનો જીવ લેશે ?

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર ચાલી રહેલી નવી ગટરલાઈનની કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. અહીં પાલિકાની ગટર સફાઈની ગાડીના ટાયર રોડ પર ખૂંપાઈ જતા એક તરફી નમી ગઈ હતી. આ ઘટનાને લઈ તંત્રની નબળી કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, વાઘોડિયા રોડ પર નવી નાખવામાં આવેલી ગટરલાઈન પરથી પસાર થતી વખતે પાલિકાની ગટર સફાઈ માટે ઉપયોગમાં લેવાતી ગાડી રસ્તામાં જ ફસાઈ ગઈ હતી. ગાડી અચાનક નમી જતા ટ્રાફિકને પણ અસર પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ક્રેનની મદદ લેવામાં આવી હતી. પાલિકાના કર્મચારીઓએ ભારે જહેમત બાદ ગાડીને બહાર કાઢી હતી. આ ઘટના બાદ સ્થાનિકોમાં પાલિકાની કામગીરી સામે ભારે રોષ જોવા મળ્યો છે. નવી નાખવામાં આવેલી ગટરલાઈન અને રસ્તાની નબળી ગુણવત્તાને કારણે જ આ અકસ્માત થયો હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. સામાન્ય વાહનચાલકોની સુરક્ષા અંગે પણ ચિંતા વધી છે. સ્થાનિકોએ આ સમગ્ર મામલાની તાત્કાલિક તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે. ઘટના બાદ પાલિકાની વિકાસ કામગીરીની ગુણવત્તા ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે.

સૌહાર્દપૂર્ણ અને પ્રેરણાદાયી વાતાવરણ ઉભુ થયું

કે.એમ.સી.એ. કોમર્સ કોલેજ, વડોદરામાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કે.એમ.સી.એ. કોમર્સ કોલેજ, વડોદરા ખાતે તા. 29/07/2026 ના રોજ ગુરુ પૂર્ણિમા નિમિત્તે ભાવપૂર્ણ અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કોલેજના ડિરેક્ટર ડૉ. અજય સોનીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે ગુરુના મહિમા, શિક્ષણના મૂલ્યો અને જીવનમાં ગુરુના અમૂલ્ય સ્થાન વિશે અત્યંત પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જ્ઞાન, સંસ્કાર, શિસ્ત અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના ઈ. પ્રિન્સિપાલ ડૉ. દિલીપ વાગડીયા, ડૉ. ભાવિની ચૌહાણ, ડૉ. મનિષા મકવાણા તથા દિવ્યા પંડ્યા મેડમના માર્ગદર્શન અને આયોજનથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે વિશેષ આયોજન

વડોદરા વર્તુળ અને વડોદરા વન્યજીવ વર્તુળ દ્વારા સંયુક્ત કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.29

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day) નિમિત્તે વડોદરા વર્તુળ અને વડોદરા વન્યજીવ વર્તુળના સંયુક્ત ઉપક્રમે મધ્ય ગુજરાતના વાઘની અવરજવર ધરાવતા વિસ્તારોમાં કાર્યરત ફ્રન્ટલાઈન વન કર્મચારીઓ માટે એક વિશેષ સંવેદનીકરણ અને ક્ષમતા વર્ધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બીટ ગાર્ડ, ફોરેસ્ટર અને આર.એફ.ઓ. (RFO) સહિતના ફ્રન્ટલાઈન સ્ટાફને વાઘનું વર્તન, નિવાસસ્થાનનું સંરક્ષણ, તૃણાહારી પ્રાણીઓની સંખ્યા (Prey-base) અને માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવાના ઉપાયો અંગે માહિતગાર કરવાનો હતો. સ્થાનિક સ્ટાફને દીપડા સાથે કામ કરવાનો બહોળો અનુભવ છે, પરંતુ વાઘ જેવી મુખ્ય પ્રજાતિ (Umbrella Species) ના વર્તન વિશે તેઓને પૂરતી સમજ ન હોય વાઘ ના વર્તન અને તેની નિવસનતંત્રમાં ભૂમિકા અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અંશ અને માર્ગદર્શન વન્યજીવ કોરિડોર અંગે તજજ્ઞનું વક્તવ્યઃ એમ. એસ. યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર અને જાણીતા પ્રાણીશાસ્ત્રી ડૉ. ગીતા એસ. પડતે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જંબુઘોડા અને રતનમહાલ અભયારણ્યમાં પોતાના સંશોધન અનુભવના આધારે તેમણે વન્યજીવોની અવરજવર અને જંબુઘોડા-રતનમહાલ વચ્ચેના પ્રસ્તાવિત કોરિડોરના પર્યાવરણીય મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. નેતૃત્વ અને અનુભવનું આદાન-પ્રદાનઃ વડોદરા વન્યજીવ વર્તુળના વન સંરક્ષક અને વડોદરા વર્તુળના વન સંરક્ષક નિશા રાજ, IFS ના અધ્યક્ષસ્થાને તથા નાયબ વન સંરક્ષક મહેન્દ્રસિંહ રાઠવા, IFS ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વરિષ્ઠ અધિકારીઓએ ગુજરાતમાં વાઘની હાજરી અને તેના નિરીક્ષણ અંગેના પોતાના અનુભવો સ્ટાફ સાથે શેર કર્યા હતા. ઉપસ્થિત અધિકારીશ્રીઓઃ કાર્યક્રમમાં નીચે મુજબના નાયબ વન સંરક્ષક (DCF)ઓ ઉપસ્થિત રહ્યા હતા.

યુસીમાસ ફતેગંજ સેન્ટwરના એવોર્ડ સમારોહમાં ૯ વિદ્યાર્થીઓનું સન્માન

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

શહેરમાં ૨૧મી ઓલ ગુજરાત સ્ટેટ લેવલ યુસીમાસ મેન્ટલ એરિથમેટિક સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં શહેરના યુસીમાસ ફતેગંજ સેન્ટરના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને નવ વિદ્યાર્થીઓએ સી, ડી, ઇ, ઝેડ અને એ કેટેગરી સાથે ઝોનલ અને એચ કેટેગરીમાં મેરીટ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. જે વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં યુસીમાસ ઈન્ડિયાના સીઈઓ ડૉ. સ્નેહલ કારિયા અને યુસીમાસ ઈન્ડિયાના બિઝનેસ હેડ સિમ્પલીસીઓ મેનેઝિસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જે વિશે માહિતી આપતા યુસીમાસ ફતેગંજ સેન્ટરના સિનિયર કોર્ષ ઈન્સ્ટ્રક્ટર હેતલ રાઠોડે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૯માં સ્થાપિત ફતેગંજ સેન્ટરમાં વર્ષ ૨૦૦૭ થી ૨૦૦૮ દરમિયાન હાર્વર્ડ યુનિ.ના પ્રોફેસર રિસર્ચ કરવા આવ્યા હતા. જેઓને જાણવા મળ્યું કે, એબેક્સની તાલીમથી બાળકના આઇક્યૂમાં વધારો કરે છે. આ પ્રકારની તાલીમ પ્રાપ્ત બાળકની વિચારવાની અને નિર્ણય લેવાની શક્તિ બીજા બાળકો કરતા વધારે હોય છે. જે સ્પર્ધામાં બિયંકા અરૂણ પંડિતાને ઝોનલ એવોર્ડ જ્યારે પરમ પટેલને એચ કેટેગરીમાં મેરીટ એવોર્ડ મળ્યો હતો. આ સાથે સાથે સી કેટેગરીમાં અવેશ શાહ ફર્સ્ટ રનર્સ અપ, ડી કેટેગરીમાં સમર્થ રાજગરીયા સેકન્ડ રનર્સ અપ અને જાગૃય રાજગરીયા થર્ડ રનર્સ અપ, ઇ કેટેગરીમાં હેત પટેલ ફોર્થ રનર્સ અપ, ઝેડ કેટેગરીમાં તહેઝીમ શેખ ફિફ્થ રનર્સ અપ જ્યારે એ કેટેગરીમાં અનમ વોરા અને વૈદેહી સીયાલ ફિફ્થ રનર્સ અપ રહ્યા હતા. એવોર્ડ પ્રાપ્ત તમામ વિદ્યાર્થીઓના ખાસ સન્માન સમારોહનું આયોજન કરાયું હતું.

વયોવૃદ્ધ મતદાર લોકશાહીમાં પોતાની અડગ શ્રદ્ધા

૯૧ વર્ષીય કુસુમબેન પાગે માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં મતદાન કરશે

રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં દરેક મત મહત્વનો છે : શક્તિશાળી સંદેશ આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

૯૧ વર્ષીય નિવૃત્ત સરકારી શાળાના આચાર્યા કુસુમબેન પાગે માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં મતદાન કરશે વયોવૃદ્ધ મતદાર લોકશાહીમાં પોતાની અડગ શ્રદ્ધા પુનઃસ્થાપિત કરીને પોતાના લોકશાહી અધિકારનો ઉપયોગ કરશે ૯૧ વર્ષીય નિવૃત્ત સરકારી શાળાના આચાર્યા કુસુમબેન મધુકર પાગે ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનાર માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં મતદાન કરવા માટે તૈયાર છે. જે લોકશાહી ભાગીદારીનું એક પ્રેરણાદાયી પ્રતીક બન્યા છે. માંજલપુર બેઠકના વરિષ્ઠ ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ.યોગેશ પટેલનું લાંબી બીમારી બાદ નિધન થતાં આ બેઠક ખાલી પડી હતી. જેના કારણે આ પેટાચૂંટણી યોજાઇ રહી છે. પોતાની મોટી ઉંમર હોવા છતાં પોતાના બંધારણીય અધિકારનો ઉપયોગ કરવાનો તેમનો અદમ્ય ઉત્સાહ અન્યોને પણ ચૂંટણી પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. પોતાના સમગ્ર જીવન દરમિયાન દરેક ચૂંટણીમાં મતદાન કરનાર આ નિવૃત્ત શિક્ષિકા ફરી એકવાર પોતાની નાગરિક ફરજ બજાવશે અને એ સાબિત કરશે કે લોકશાહીને મજબૂત કરવા માટે ઉંમર ક્યારેય બાધક બનતી નથી. મતદાન પ્રત્યેની તેમની નિષ્ઠા લોકશાહી પ્રક્રિયામાં દરેક નાગરિકની ભાગીદારીનું મહત્વ દર્શાવે છે અને એક શક્તિશાળી સંદેશ આપે છે કે રાષ્ટ્રના ભવિષ્યને ઘડવામાં દરેક મત મહત્વનો છે.

જિલ્લા શિક્ષણ અધિકારીનું શૈક્ષિક મહાસંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું

જૂની પેન્શન યોજના : આચાર્યોના GPF નંબર ફાળવનાર વડોદરા રાજ્યમાં પ્રથમ

ગુરુપૂર્ણિમાના પાવન દિવસે વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

જૂની પેન્શન યોજના અંતર્ગત 1 એપ્રિલ 2005 પહેલાના આચાર્યોના જીપીએફ નંબર ફાળવનાર વડોદરા જિલ્લો રાજ્યમાં પ્રથમ બનતા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, વડોદરા શહેર અને જિલ્લા દ્વારા આજે જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગુરુપૂર્ણિમાના પાવન દિવસે વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે યોજાયેલા આ સન્માન કાર્યક્રમમાં શહેર અને જિલ્લાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા રાજ્યમાં સૌપ્રથમ વડોદરા જિલ્લાના 1 એપ્રિલ 2005 પહેલાંના તમામ આચાર્યોને જૂની પેન્શન યોજના અંતર્ગત જીપીએફ નંબર ફાળવી આપવામાં આવ્યા છે. આ નિર્ણયથી આચાર્યોમાં ખુશીની લાગણી પ્રસરી છે. શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોએ જણાવ્યું કે, જૂની પેન્શન યોજનાનો લાભ તમામ કર્મચારીઓને વહેલી તકે મળે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડે હંમેશા અગ્રેસર રહ્યા છે. કર્મચારીઓના નાના-મોટા પ્રશ્નોને તેઓ પ્રાધાન્ય આપી યોગ્ય નિરાકરણ લાવે છે. પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીનો વધારાનો ચાર્જ હોવા છતાં તેમણે કચેરીની એકપણ ફાઈલ પેન્ડિંગ રહેવા દીધી નથી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જૂની પેન્શન યોજનાની કામગીરી સંભાળતા નિસરતાજીને પણ તેમના ઉત્કૃષ્ટ કાર્ય બદલ હૃદયપૂર્વક અભિનંદન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, વડોદરા શહેર અને જિલ્લાના તમામ પદાધિકારીઓએ હાજરી આપી પ્રસંગની ગરિમા વધારી હતી.

અંકલેશ્વરમાં નહેરમાંથી નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા ચકચાર

અંકલેશ્વર : અંકલેશ્વરમાં નવજાત શિશુ મળી આવવાની ઘટનાઓનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. રાજપીપલા ચોકડી નજીક મીઠા ફેક્ટરી પાસે આવેલી નહેરમાંથી બુધવારે નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા આસપાસના લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. બનાવની જાણ પોલીસને કરવામાં આવતા અંકલેશ્વર બી ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. મળતી માહિતી મુજબ, રાજપીપલા ચોકડી નજીક મીઠા ફેક્ટરી પાસેની નહેરમાં નવજાત શિશુનો મૃતદેહ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસ દ્વારા નવજાત શિશુની ઓળખ મેળવવા તેમજ આ બાળકને નહેરમાં કોણે અને કયા સંજોગોમાં મૂક્યુ અથવા ફેંક્યુ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

ગીતામંદિર ખાતે 101 શ્રદ્ધાળુઓની સામૂહિક સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું

■ ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે વડોદરા શહેરના પ્રતાપ નગર વિસ્તારમાં આવેલ ગીતામંદિર ખાતે 101 શ્રદ્ધાળુઓની સામૂહિક સત્યનારાયણ ભગવાનની કથા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરના સંચાલિકા પૂજ્ય શ્રી ગીતાબેન શર્માના હસ્તે ગુરુ પૂજન તેમજ મહા આરતી અને પાદુકા પૂજન કરવામાં આવ્યું હતું.

ચાંપાનેર પ્રાથમિક શાળામાં ભક્તિભાવ પૂર્વક ગુરુપૂર્ણિમાની ઉજવણી

(પ્રતિનિધિ) હાલોલ, તા.29

હાલોલ તાલુકાની ચાંપાનેર પ્રાથમિક શાળા ખાતે આજે ગુરુપૂર્ણિમા મહોત્સવની ખૂબ જ આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં ગુરુના સર્વોચ્ચ સ્થાનને ઉજાગર કરતા આજના પવિત્ર દિવસે શાળાની નાની બાલિકાઓએ ભારતીય પરંપરા અનુસાર સૌ ગુરુજનોને કુમકુમ તિલક કરી, પુષ્પ અર્પણ કરીને આદરપૂર્વક વંદન કર્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા. વિશેષમાં, હાલ શાળા ખાતે હાલોલ તાલુકાની 'પ્રજ્ઞા વર્ગ તાલીમ' ચાલી રહી છે, જેમાં હાજર રહેલા અન્ય ઉત્સવ ગુરુજનો અને તાલીમાર્થી શિક્ષકોનું પણ બાલિકાઓ દ્વારા તિલક કરીને ભાવભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

HeroHousing Finance

સંપર્ક સરનામું: 5મો માળ, યંદન હાઉસ, પેન્ટાલુન્સ સ્ટોરની સામે, મીઠાકલી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત, 380006.
રજિસ્ટર્ડ ઓફિસ: 09, કમ્યુનિટી સેન્ટર, વસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057.
ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઈમેલ: customer.care@herohfl.com
વેબસાઇટ: www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002' અને 'સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002'ના નિયમ 3 સાથે વંચાણે લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલ ઉધારકર્તાઓને ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ આપેલ હતી. ઉધારકર્તા રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી, ખાસ કરીને ઉધારકર્તા અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત એક્ટની કલમ 13(4) અને ઉક્ત નિયમોના નિયમ 8 હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધો છે.
ખાસ કરીને ઉધારકર્તા અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ લેવડ-દેવડ ન કરે. આ મિલકત સાથેની કોઈ પણ લેવડ-દેવડ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના બોજા (ચાર્જ) હેઠળ રહેશે, જેમાં નીચે દર્શાવેલ રકમ તેમજ તેના પરનું વ્યાજ, પેનલ્ટી વ્યાજ, ખર્ચ વગેરે સમાવિષ્ટ રહેશે.
સુરક્ષિત અસ્ક્યામતો (મિલકત) છોડાવવા માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ 13ની ઉપ-કલમ (8) ના નીતિ-નિયમો તરફ ઉધારકર્તાનું ધ્યાન દોરવામાં આવે છે.

લોન ખાતા નંબર	દેવાદાર / કાનૂની વારસદાર / કાનૂની પ્રતિનિધિનું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ / નોટિસ મુજબની રકમ	કબજાની તારીખ (પ્રતિકાત્મક/સાંકેતિક)
HHFVADLAP 20000008883	મિશ્રા દીપક, સુષ્મા દીપક મિશ્રા	14-05-2026 રૂ. 15,52,765/- (14-મે-2026ના રોજ સુધી બાકી)	25-07-2026 (પ્રતિકાત્મક)

સુરક્ષિત અસ્ક્યામતો / સ્થાવર મિલકતનું વર્ણનઃ- કોમર્શિયલ મિલકતનો તમામ ભાગ અને પ્લોટ, એટલે કે UDA લે-આઉટ મુજબ દુકાન નં. F.F.-07 અને સ્થળ/સ્થિતિ મુજબ દુકાન નં. F.F.-05, પ્રથમ માળ, ટાવર A, જેનું કન્સ્ટ્રક્શન એરિયા આશરે 345 ચોરસ ફૂટ, સુપર બિલ્ટ-અપ એરિયા આશરે 231.00 ચોરસ ફૂટ અને સામાન્ય વપરાશ માટે વહેંચાયા વિનાનો હિસ્સો 86.40 ચોરસ ફૂટ છે. જે ''અંબે રેસિડેન્સી''માં આવેલ છે, જમીન રેવન્યુ સર્વે નં. 2, બ્લોક નં. 2, T. P. સ્કીમ નં. 1 વેમાલી (પુડા), F.P. નં. 137, ગામ-વેમાલી, જિલ્લો અને સબ-જિલ્લો-વડોદરા, ગુજરાત રાજ્ય. ટાઇટલ ડોક્યુમેન્ટ મુજબ મિલકતની ચતુર્સીમા : પૂર્વઃ 18 મીટરનો રોડ, પશ્ચિમઃ અંબે રેસિડેન્સી ફ્લેટ નં. A-101, ઉત્તરઃ અંબે રેસિડેન્સી દુકાન નં. F.F.04, દક્ષિણઃ અંબે રેસિડેન્સી દુકાન નં. F.F.06.

તારીખઃ 30-07-2026 સહી/- અધિકૃત અધિકારી
સ્થળઃ વડોદરા હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી

SGGU/ESTA/REC/1977/2026 તા.૩૦/૦૭/૨૦૨૬

વોક-ઇન ઈન્ટરવ્યૂ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા સંચાલિત વિવિધ કેન્દ્રમાં ૧૧ મહિનાના કરાર આધારિત એડહોક વ્યાખ્યાતાની જગ્યાઓ માટે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, યુ.જી.સી તથા ગુજરાત સરકારના નીતિ નિયમો અનુસાર NET/SLET/Ph.D. લાયકાત ધરાવતા ઉમેદવારોની વોક-ઈન ઈન્ટરવ્યૂ દ્વારા પસંદગી કરવામાં આવશે.વધુ માહિતી અને ફોર્મ યુનિવર્સિટી વેબસાઇટ https://www.sggu.ac.in/recruitement.php પરથી મેળવી લેવાના રહેશે.

ક્રમ	ડીપાર્ટમેન્ટ	જગ્યાની સંખ્યા	ઈન્ટરવ્યૂની તારીખ	ઈન્ટરવ્યૂનો સમય
૧	કમ્પ્યુટર સાયન્સ	૦૨	૦૪/૦૮/૨૦૨૬	સવારે ૧૦ .૦૦ કલાકે
૨	માઇક્રોબાયોલોજી/બાયોટેક્નોલોજી	૦૨		
3	ફિઝિકલ એજ્યુકેશન	૦૨		

રસ ધરાવતા ઉમેદવારોએ નિર્ધારિત અરજી ફોર્મ સંપૂર્ણ ભરી, મૂળ પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણિત નકલો સાથે સવારે ૦૯.૦૦ વાગ્યે યુનિવર્સિટીના એડમીન બિલ્ડિંગમાં હાજર રહેવાનું રહેશે.

નોંધઃ
- ઉમેદવારોએ UGC Regulations, 2018 મુજબની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવવી ફરજિયાત રહેશે.
- કોઈપણ પ્રકારનો TA/DA ચૂકવવામાં આવશે નહીં.
- ભરતી પ્રક્રિયામાં ફેરફાર/રદબાતલ કરવાનો અધિકાર યુનિવર્સિટી પાસે અનામત રહેશે.

(માહિતી/ગોધરા/૩૫૦/૨૬) કુલસચિવ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

ઓન લાઈન ટેન્ડરીંગ
જાહેર નિવિદા નં.૧૨, સને.૨૦૨૬-૨૭
પંચમહાલ જિલ્લા પંચાયત માxમ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (માxમ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ ધ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી રસ્તો-૧ કામ અને મકાન રીપેરીંગ-૧ કામ મળી કુલ - ૨ કામ જેની અંદાજી રકમ રૂા.૧૨.૫૧ લાખ થી રૂા.૧૩૧.૩૦ લાખ સુધી ની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http:/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.
ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબ મીશન ની છેલ્લી તારીખ.	તા.૧૯/૦૮/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીગ (ઓનલાઈન)	તા.૨૦/૦૮/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૩૪૯/૨૬) કાર્યપાલક ઈજનેર પંચાયત(માxમ)વિભાગ ગોધરા

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
બોડેલી શાખાઃ પ્રોપર્ટી નંબર ૧૪, ૧લો માળ, અગ્રવાલ કોમ્પ્લેક્સ, ડભોઈ રોડ, બોડેલી - ૩૯૧૧૩૫ (ગુજરાત)

એપેન્ડિક્સ IV - કબ્જા નોટિસ (અચલ મિલકત માટે)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે 'ધ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨' અને તેની કલમ ૧૩(૧૨) સાથે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ મળેલી સત્તાઓની રૂએ નીચે દર્શાવેલ દેવાદાર(રો) / જામીનદાર(રો)ને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવી આપવા માગણી નોટિસ ઇશ્યૂ કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી દેવાદાર(રો) / જામીનદાર(રો) અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર કાયદાની કલમ ૧૩ના સબ-સેક્શન (૪) સાથે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લઈ લીધો છે. ગ્રાહક/દેવાદારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ની સબ-સેક્શન (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે, જે સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમયગાળા સંદર્ભે છે. વિશેષરૂપે દેવાદાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સંબંધિત કોઈપણ વ્યવહાર ઉપર AHFLના નીચે જણાવેલ વ્યાજ સહિતની રકમના ચાર્જને આધીન રહેશે.
મિલકત અને દેવાની વિગતઃ

અ. નં.	દેવાદાર(રો) / સહ-દેવાદાર(રો) ના નામ (શાખાનું નામ)	સિક્યોર્ડ મિલકતનું વર્ણન (અચલ મિલકત)	માગણી નોટિસની તારીખ અને રકમ	કબ્જાની તારીખ
1	(લોન કોડ નં. 50410000044 / બોડેલી શાખા) સંગીતાબેન દંતાણી (દેવાદાર) નારણભાઈ દંતાણી (સહ-દેવાદાર)	ઘર નં. ૧૧૦૮, દેવી નગર (છોટા નગર), બોડેલી રોડ, વિ. અને તા. - બોડેલી, જી. - છોટાઉદેપુર, ગુજરાત - ૩૯૧૧૩૫ ખાતે આવેલી ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર મ